ગાંધીનગર સમાચાર

તા. ૨૫-૪-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### લોખંડી મનોબળ ધરાવતાં મહિલા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ રાજયની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓના પધાધિકારીઓ તથા અધિકારીઓની સભામાં એક તરફ ઉદારતાપૂર્વક આર્થિક સહાયની વહેંચણી કરીને વિકાસલક્ષી ગતિશીલતાનો પરિચય આપ્યો તો બીજી તરફ બેદરકાર અને મીંઢા મેયરો, નગરપાલિકા પ્રમુખો તથા ચીફ ઓફિસરોને કડક પગલાંની ચીમકી આપીને કઠોર શાસનકર્તા હોવાનો પરચો પર આવી દીધો. રોડ બનાવવા સરકાર નાણાં આપશે પણ રસ્તા ૩-૪ વર્ષ પણ નહીં ટકે તો સજા પણ કરશે. આનંદીબહેન જનસાધારણના મનની જ વાત વહેતી મૂકી છે : 'એવો તે કેવો રોડ બને છે કે એક જ વર્ષમાં તૂટી જાય છે?' મુખ્યમંત્રીની આ ચિંતા ખૂબ જ વાજબી અને સમયસરની છે. જાહેર બાંધકામ ખાતા વિશે મજાકમાં એનું મિતાક્ષરી નામ 'જા, બા! - ખા!' પડી ગયેલ છે. ભ્રષ્ટાચારનો ભોરિંગ ફૂંફાડા મારી રહ્યો હોય ત્યારે એને નાથવા માટે ખુદ રાજયનાં મુખ્યમંત્રી કમ્મર કસતાં હોય તો એ બાબત જરુર વખાણવા લાયક જ ગણાશે. મુખ્યમંત્રીશ્રીએ બીજી અગત્યની ચીમકી શૌચાલયોના મુદ્દે ઉચ્ચારી છે. સ્વચ્છતા અભિયાન અન્વયે અને નિર્મળ ગુજરાત જેવા કાર્યક્રમો પછી દેશમાં ગુજરાતે શૌચાલયો બાંધવાનું કામ જોરશોરથી ઊપાડી લીધું છે. ગુજરાત સરકાર શૌચાલય પ્રવૃત્તિ પરત્વે કોઇ ઢીલાશ ન જ ચલાવી લઇ શકે. મુખ્યમંત્રીશ્રી રાજયની ૧૫૯ નગરપાલિકાઓ અને ૮ મહાનગરપાલિકાઓમાં શૌચાલયોનાં બાંધકામ મે મહિનાના અંત સુધીમાં પૂરાં કરી દેવાની તાકીદ કરતાં વધુ એક સંકેત આપી દીધો છે કે આ કામગીરી પૂર્ણ થયાં પછી કોઇ ખુલ્લામાં શૌચક્રિયા ન કરે તે જોવાની જવાબદારી જે -તે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની રહેશે. ખુલ્લામાં ટોઇલેટ જનારને દંડ કરવાની તૈયારી રાખવી પડશે. મુખ્યમંત્રીએ નગરપાલિકાઓ વીજબોર્ડનાં બિલ નહીં ભરતી હોઇ સરકાર દ્વારા ૪૫૦ કરોડ જેટલું બાકી બિલ ભરાવી દેવાનું નક્કી કર્યું છે. પરંતુ આર્થિક સંકડામણના બહાના હેઠળ રખે એની નગરપાલિકાઓ એવા ભ્રમમાં રહે કે એમનું વીજ બીલ સરકાર વસૂલ નહીં કરે! એમણે મળવાપાત્ર ગ્રાન્ટની રકમમાંથી એ રકમ આગોતરી કાપી લેવાશે. એથીય વધુ એક પ્રજા સુખાકારીની સુવિધા લેખે મુખ્યમંત્રીએ વાહન-વ્યવહાર-અવરજવર માટે એક હજાર જેટલી બસો ફાળવવાની જાહેરાત કરી છે. એ જાહેરાત સાથે પણ એમણે કડક ટકોર તો કરી જ છે કે બસ ચલાવવા માટે ડીઝલ, ડ્રાઇવર-કંડકટર સહિતનો સ્ટાફ વગેરે નિભાવવાની તૈયારી હોય તો જ બસ માંગવા આવજો. મનપા અને નગરપાલિકાઓને વિકાસ કાર્યો માટે રૂા. ૧૩૯૫. ૭૫ કરોડની જંગી રકમના ચેકોની અર્પણવિધિ કરતી વખતે રાજયનાં મહિલા મુખ્યમંત્રીશ્રીએ એમના લોખંડી મનોબળનો જ પરિચય કરાવ્યો છે ત્યારે ખાટસવાદિયા હિતશત્રુઓ દ્વારા એમના સ્વાસ્થ્ય વિશેની કપોલ કલ્પિત અફવાઓ ફેલાવાતી રહે છે, એનો પણ સણસણતો જવાબ મળી જાય છે.

## કલોલ તાલુકાના રકનપુર ખાતે શાળાના ૮ ઓરડાઓનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૨૪

કોઇ પણ રાજયના સર્વાંગી



વિકાસના પાયામાં શિક્ષણ એ મહત્વની ભૂમિકા અદા કરે છે, પરંતુ આજના સમયમાં મોટા ભાગના માબાપ પોતાના દીકરાદીકરીને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવામાં ગૌરવ અનુભવે છે અને પોતાના બાળકને માતૃભાષાથી અળગો કરી રહ્યા છે તેવું આજરોજ કલોલ તાલુકાના રકનપુર ગામ ખાતે શાળાઓના ઓરડાઓના લોકાર્પણ સમારંભમાં ગુજરાત રાજય પછાત વર્ગ વિકાસ નિગમના અધ્યક્ષ શ્રી જયંતિભાઇ બારોટે જણાવ્યું હતું.

ગુજરાત રાજય પછાત વર્ગ વિકાસ નિગમના અધ્યક્ષ શ્રી જયંતિભાઇ બારોટે વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ અને દેશમાં પોતાનું નામ રોશન કરનાર મહાનુભાવો જેવા કે મોરારજીભાઇ દેસાઇ, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી વગેરેએ પ્રાથમિક શિક્ષણ સરકાર દ્વારા ચાલતી પ્રાથમિક શાળાઓમાં જ લીધું છે. શિક્ષણ એ કોઇ પણ સમાજ અને રાજયના વિકાસમાં મહત્વની ભૂમિકા બજાવે છે. જો આજના બાળકોને ગુણવત્તા યુક્ત શિક્ષણ



અને ટેકનોલોજીનું જ્ઞાન પૂરતા પ્રમાણમાં મળશે, તો દેશનું ભવિષ્ય ઉજ્જવલ હશે. રાજય સરકાર દ્વારા ગુણવતા યુક્ત શિક્ષણ, શાળાઓમાં જરૂરી પ્રાથમિક સુવિધાઓ, જરૂરિયાતમંદ શિક્ષકો અને બાળકો માટે જરૂરી કોમ્પ્યુટરનું જ્ઞાન આપવા માટે સુચારું આયોજન કર્યું છે. જેના ભાગરૂપે રાજયમાં છેલ્લા એક દાયકાના સમયગાળામાં રાજયમાં ૮૦ હજારથી વધુ ઓરડા અને ૧ લાખ ૫૦ હજારથી વધુ શિક્ષકોની પારદર્શક ભરતી કરવામાં આવી છે.

## જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આર્મી, એરફોર્સ, નેવી, અર્ધ લશ્કરી દળો, પેરા મીલીટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વગેરેમાં જોડાવવા માંગતા ઉમેદવારોને ભરતી પૂર્વે શારીરિક તેમજ માનસિક ક્ષમતા માટે સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

આર્મી, એરફોર્સ, નેવી, અર્ધ લશ્કરી દળો, પેરા મીલીટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વગેરેની જગ્યાઓ માટે શારીરિક યોગ્યતા ધરાવતા, નિયત કરેલ જરૂરી શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ અને નિયત વય ૧૭ ૧/૨ વર્ષ થી ૨૧ વર્ષ અથવા ધોરણ૧૨ પાસ અને નિયત ઉંમર ૧૭ ૧/૨ થી ૨૩ વર્ષ ધરાવતા યુવાનોને શારીરિક/ માનસિક ક્ષમતા તથા લેખિત પરીક્ષા માટે આ ધનિષ્ઠ તાલીમ આપવામાં આવશે. આ તાલીમમાં શારીરિક યોગ્યતા માટે ઉંચાઇ, વજન તથા છાતી શારીરિક કસોટીઓ જેવી કે, દોડ, લાંબો કૂદકો, પુલ અપ્સ, વગેરેની તાલીમ માટે ફિઝિકલ ઈન્સ્ટ્રકટર દ્વારા ભરતીને અનુરૂપ ફીઝીકલ તાલીમ આપવામાં આવશે. તથા અન્ય તાલીમી વ્યાખ્યાતાઓ દ્વારા અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, તથા સામાન્ય જ્ઞાનની તાલીમ આપવામાંઆવશે.

ઉમેદવારોની યાદી રોજગાર કચેરી દ્વારા તૈયાર કરવા માટે કચેરીના કામકાજના દિવસોમાં સવારના ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધીમાં ઉંચાઇ, વજન, શારીરિક ક્ષમતા વગેરેનો ટેસ્ટ લઈ પ્રાથમિક પસંદગી કરવામાં આવશે. પસંદગી થયેલ ઉમેદવારોની સિવિલ હોસ્પિટલમાં ડૉકટર મારફતે પ્રાથમિક તબીબી ચકાસણી કરીને તાલીમાર્થીઓની ફાઇનલ યાદી તૈયાર કરવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે પ્રથમ ૩૬ ઉમેદવારોને જ પસંદ કરવાની હોવાથી રાહ જોયા વગર તાત્કાલીક સંપર્ક કરવાનો રહેશે. શારીરિક/તબીબી ચકાસણી પ્રાથમિક કક્ષાએ કામચલાઉ રહેશે. સંબંધિત ભરતી એજન્સી દ્વારા કરવામાં આવેલ ચકાસણી જ ફાઇનલ ગણાશે.

આ તાલીમ વર્ગમાં જોડાનાર ઉમેદવારને દૈનિક રૂપિયા ૧૦૦/ લેખે ૩૦ દિવસના રૂપિયા ૩૦૦૦/ સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે. રહેવા જમવાનું વિના મૂલ્યે છે. આ તાલીમ વર્ગમાં જોડાવવા માટે ઉમેદવારે એક પાસપોર્ટ સાઈઝના ફોટો, ફોટો આઈડેન્ટી પ્રુફની ઝેરોક્ષ અરજી ફોર્મમાં દર્શાવેલ સુચનાઓને આધીન ફોર્મ તથા સંમતીપત્રક ભરવાનું રહેશે.

## સંચાલકની ધરપકડની માંગને વાચા આપવા માટે સહી ઝૂંબેશ

અમદાવાદ, તા.૨૪

જય સોમનાથ સ્કુલમાં ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહના બોયોલોજી વિષયનું પ્રશ્નપ્રત્ર લીક થયું તેના માટે જવાબદાર સંચાલકોની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી ત્યારે એનએસયુઆઈ દ્વારા આ સંચાલકોની ધરપકડ માટે સહી ઝુંબેશ હાથ ધરાઈ છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ જય સોમનાથ સ્કુલમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના બાયોલોજી વિષયનું પ્રશ્નપ્રત્ર લીક થયું તે સમગ્ર શિક્ષણ જગતને ઠેસ પહોંચાડે તેવી ઘટના જે ઘડાઈ તેમાં સામેલ સ્કુલના સંચાલક મનોજ પટેલ અને જયંતિભાઈ પટેલ (પુત્ર અને પિતા) આ બન્ને ઉપર હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી અને હજી પણ તેઓ ભુગર્ભમાં જ છે. તેના વિરોધમાં આજે એન.એસ.યુ.આઈ દ્વારા સહી ઝુંબેશનો કાર્યક્રમ જન જાગૃતિ માટે કરવામાં આવ્યો હતો. આ સહી કરેલ બેનર રાજયપાલને આપવામાં આવશે. જય સોમનાથ લ્કુલમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના બાયોલોજી વિષયનું પ્રશ્નપ્રત્ર લીક થયું તેમાં સામેલ સ્કુલના સંચાલક મનોજ પટેલ અને જયંતિભાઈ પટેલ (પુત્ર અને પિતા) આ બન્નેની વહેલી તકે ધરપકડ કરવામાં આવે. એનએસયુઆઈ પ્રદેશ ઉપપ્રમુખ વિશાલસિંહ ગુર્જર, અમદાવાદ શહેર પ્રમુખ ધનરાજસિંહ વાઘેલા, ગુજરાત યુનિવર્સિટી વેલ્ફેર સભ્ય અઝહર રાઠોડે માંગણી કરી છે કે વિધાને પોતાની રમત સમજનારા સંચાલકોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને તે સ્કુલની માન્યતા ૨૬ કરવામાં આવે નહી થાય તો એન.એસ. યુ. આઈ દ્વારા આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવશે.

## હરિની દૃષ્ટિ...




હવે, ઓછું ખા.. ઓછું ખા એમ ના કરતા, હવે જાડી થઇશ તો ગુજરાત સરકાર મને સાચવશે !!

## શહેરની કુ. શ્રેયા ઓઝા - કુ. જલ્ધા પારગી આરંગેત્રમ્ રજુ કરશે

ગાંધીનગર, તા. ૨૪

ભારતની શાસ્ત્રીય નૃત્યકલા પરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે. ભારતીય સંસ્કૃતિને જીવંત



રાખતી ભરત નાટ્યમ (આરંગેત્રમ્) ગાંધીનગરની બે દિકરીઓ રજૂ કરશે.

ગાંધીનગરની કુ. શ્રેયા ઓઝા અને કુ. જલ્ધા પારગી, તા. ૨૬ એપ્રિલ, રવિવાર, બપોરે ૨.૩૦ વાગે ખીમજી વિસરામ હોલ સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતે સાત વર્ષની કઠોર સાધના બાદ આરંગેત્રમ રજુ કરશે. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે વલ્લભભાઈ પટેલ, ચેરમેન, કડી વિશ્વ વિદ્યાલય, કૃષ્ણકાન્ત જહા, અધ્યક્ષ કલ્ચરલ ફોરમ, ગાંધીનગર, અતિથિ વિશેષ તરીકે ધનજીભાઈ પ્રજાપતિ ડિરેક્ટર, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, રમેશકુમાર ડામોર એડીશનલ કલેક્ટર ઉપસ્થિત રહેશે.

સેક્ટર-૨૩ શ્રીમતિ આર.સી. પટેલ સ્કૂલમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષિય કુ. શ્રેયા અને શ્રીમતિ આર.જી. ગર્લ્સ ધોરણ-૧૦ અભ્યાસ કરતી ૧૫ વર્ષિય કુ. જલ્ધા પારગી આરંગેત્રમ્‌ના પ્રથમ તેજપૂંજને રજુ કરશે.

## આજે મૌસમ છલકે... સંગીત કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

સંસ્કૃતિ સંસ્થાનો મૌસમ છલકે... સંગીતનો કાર્યક્રમ યોજાશે. ઈ.સ. ૧૯૫૦થી ૨૦૧૦ એવા છ દાયકાના સુપ્રસિદ્ધ ગીતો આજરોજ શનિવારે રાત્રે ૯.૧૫ કલાકે ટાઉનહોલમાં ગુંજશે. સંગીતના કાર્યક્રમમાં જાણીતા ગાયકો અસિત વોરા, શશાંક શુકલ, ડિમ્પલ પંચોલી, નીરજ પાઠક, નીલુ દવે, ભૂમિજ ત્રિવેદી અને સોનિક સુથાર ફિલ્મી ગીતોનો રસથાળ પિરસશે. જેમાં પંકજ પાઠક સંગીત આપશે.

# 'પાગલ મારો સાંવરિયો...' પારિવારીક પ્રશ્નો અને પ્રેમ વચ્ચે પિસાતો પ્રેમી...

**'સ્કૂલ ઓફ એક્ટીંગ' દ્વારા ગાંધીનગર શહેરમાં અભિનયનો એકડો ઘૂંટનારા આપણાં પોતીકા કલાકારોએ પ્રોફેશનલ નાટકને હરિફાઇ પુરી પાડે એવું દમદાર નાટક રજૂ કર્યું : માત્ર ૨૩ વર્ષના લેખક-દિગ્દર્શક-નાયક ઝલક ચાવડા અને ૧૭ વર્ષની નાયિકા તર્જની માંકડે હકડેઠઠ ભરાયેલા ટાઉનહોલમાં એમનાં અભિનયથી જમાવટ કરી દીધી**

'પણ, મમ્મી પપ્પા કયાં ગયા છે?' આ પ્રશ્ન સાથે નાટકનો નાયક અનેક પ્રશ્નોમાં અટવાયો છે, વડની વડવાઈથી પણ જે ડરી જાય છે એને અનેક પ્રશ્નો ઘેરી વળ્યાં છે, એમાં એની ફ્રેન્ડ વિધી એની સમક્ષ વિંટી મૂકીને લગ્ન માટે પ્રપોઝ કરે છે. નાયક 'રાસ' ને વિધિ સાથે પ્રેમ નથી એટલે લગ્ન કરવું નથી, અને એમાં મમ્મીના પ્રશ્નમાં અટવાયેલો 'રાસ' ભૂલથી વિંટી પહેરી લે છે. અને 'વિધી' એને સ્વીકાર માની લે છે... ઝડપથી ઘટનાક્રમ ફરવા લાગે છે અને નાટક પ્રથમ દૃશ્ય અને વાતથી જ પકડ જમાવવા લાગે છે.

માનસિક ત્રસ્ત બનેલો રાસ એની ફ્રેન્ડ વિધી સાથે સોનગઢના એક અંતરિયાળ ગામમાં હવાફેર કરવા જાય છે... અત્યંત ઝડપથી શહેરના માહોલમાંથી ગ્રામ્યજીવનનો સેટ હાજર થઈ જાય છે. ગામનું ઘર, ઢોલીયો, કૂવો, ઘડો અને હિંચકો... ગામમાં આ બંનેને એક સાધુનો ભેટો થાય છે, સાધુની અવળવાણી આમને સમજાતી નથી. પછી આમની મુલાકાત ગામના સરપંચ રતનબા અને એમનો અંગત સાગરીત એવાં મગન સાથે થાય છે. આ બંનેનો વ્યવહાર અને વાતોથી રાસ ગૂંગળામણ અનુભવે છે...

રાસ ગામમાં ફરતાં ફરતાં પનઘટે પહોંચે છે, અને અહિંયા અને એક તરૂણી ચંચી પાણી ભરતી દેખાય છે. અને બંનેને 'લવ એટ ફર્સ્ટ સાઈટ' થઇ જાય છે. બંનેની પ્રથમ મુલાકાત અને એનાં પ્રેમાળ દૃશ્યો અને એમનો અભિયન બિલકુલ કુમળીવળના પ્રેમીઓ જેવો વાસ્તવિક લાગે છે. રાસ પ્રેમમાં છે એવું માનવા તૈયાર નથી અને સાધુ મહારાજ એને સાબિત કરી આપે છે કે રાસ પ્રેમમાં જ છે... અહીં એ વાત થાય છે કે ચંચીના બાળવિવાહ થયેલા હતા અને એ બાળપણમાં જ વિધવા થયેલી છે, આ વાત છતાં રાસ એના પ્રેમમાં મક્કમ રહે છે...

અષાઢી મેઘ ભરેલી વરસાદી રાતે બંને એકબીજાને જીવનભર સાથ આપવાનો કોલ આપે છે, અને રાસ એની મમ્મીએ આપેલું પાયલ ચંચીને પગે બાંધે છે, એ દૃશ્ય પ્રેમની પરાકાષ્ઠા જેવું સાબિત થાય છે... પ્રેમમાં ધ્રુજતા હાથે રાસનું પાયલ બાંધવું અને ચંચીના મીઠાં ગભરાટ સાથે આમતેમ જોવાનો - કોઈ જોઈ ના જાય એવા ભય સાથેનો અભિનય એકાદ પાકટ અભિનેત્રી જેવો બની રહ્યો... અને મધ્યાંતરનો પરદો પડી જાય છે...

બીજા અંકની શરુઆતમાં મહિનામાં ચંચીને પાછી લેવા આવવાના વચન સાથે રાસની શહેરમાં વિદાય... ચંચીને મગનની છેડખાની અને ચંચીનો સજ્જડ વિરોધ... રાસના મમ્મી પૂનમબેનની ગંભીર બિમારી અને એની સેવાચાકરીમાં ચંચીને મળવા ન જઈ શકવું... રાસની ફ્રેન્ડ વિધીનું એકલા ગામમાં જવું અને એને એકલી જોતાં 'શહેરી' નથી આવ્યો એવું જામતાં ચંચીનો વિયોગ... ચંચીએ લખેલી યાતનાભરી ચિઠ્ઠી અને એ વખતે ભજવાયેલું અદ્ભૂત દૃશ્ય... વાત સતત એમ વહેતી ચાલે કે પ્રેક્ષકો ધ્યાનમગ્ન થઈ જોયા જ કરે...

અંતે રાસનું પાછું ગામમાં આવવું.... ચંચીનો અદ્ભૂત ડાયલોગ 'આ વખતનો પાક વરસાદના પાણી કરતાં મારાં આંસુથી વધુ ઉગ્યો છે.' રૂંવાડા ઊભાં કરાવી ગયો... બંને પ્રેમના વિયોગના ડાયલોગ્સ અને રાત્રે એકાંતમાં મુલાકાત, ચંચીનું રાસને શાલ ઓઢાળવું અને એના માટે ભોજન લાવવા જેવી બિલકુલ ગ્રામીણ પ્રેમની વાત સ્પર્શી જાય એવી બની રહી... મગનની કાનભંભેરણી અને રાતના દૃશ્યની વાત સાથે સરપંચ રતનબાની ધમકીથી રાસ ગામ છોડવા મજબૂર બની જાય છે...



ઉઘડતે પડદે

સંજય થોરાત

hellogandhinagar@gmail.com

છેલ્લે ગામના પનઘટે બંને ભેગાં થાય છે એમની વાત-ચીતની ગરમાગરમીમાં ચંચી રાસ પર હાથ ઉપાડી બેસે છે... રાસ ગામ છોડીને ચાલી જવાની તૈયારીમાં છે, એટલામાં ચંચી પોતાની જાતને ગુનેગાર માની કુવામાં કૂદકો મારી આત્મહત્યા કરી લે છે... રાસ પણ સાધુ દ્વારા સમાચાર મળતાં પાછો કુવે આવે છે અને અર્ધપાગલ જેવો બની જાય. આ વખતે રાસ દરેક પ્રસંગ યાદ કરી પોતાના જ ગાલે થપ્પડો મારી પોતાને દોષી સમજે છે, એ અભિનય આ કલાકારની શ્રેષ્ઠતા સાબિત કરે છે...



રાસની મમ્મી પૂનમબેન રાસને શોધતી ગામમાં આવે છે જયાં સાધુ સાથે મુલાકાત થાય છે અને ખબર પડે છે કે કહ્યા વગર ચાલ્યો ગયેલો એનો પતિ જ છે.. રાસ-વિધી પૂનમબેન, સાધુ બધાં શહેર પાછા ફરે છે... રાસની હાલત હજી પણ પ્રેમમાં અર્ધપાગલ જેવી જ છે. વિધી એના ઘરે એને સુધારવા માટે મહેનત કરી રહી છે... એ એન થાળી લઈ જમવા બેસાડે છે અને રાસને ચંચી જમાડતી હોય એવો ભાસ થાય છે, એવાં અદ્ભૂત દૃશ્ય સાથે નાટક પર પડદો પડી જાય છે... અને સતત તાળીઓનો ગડગડાટ થાય છે...

નાટકમાં પૂનમબેન બનેલા આશાબા સરવૈયા માતાનો લાગણી સભર રોલ ભજવી ગયાં... વિધી-હેતલ ભટ્ટી શહેરની શિસ્તબદ્ધ છોકરી એના ડ્રેસિંગ અને સહજ અભિનયથી સાહજીક બની રહી... મગન-વિશાલ બારોટ ગામડીયાની ઓરીજીનલ વિલન સ્ટાઈલમાં નેચરલ લાગ્યો... રતન બા બનેલા કિન્નરી દવે, સરપંચનો દમામ અને દબદબો જાળવી શક્યાં... ભગો - રાજન નીનામા અને વીરો - જીગ્નેશ સોલંકી એમના ભાગનું કામ કરી ગયાં... સાધુ - ફાલ્ગુન નંદા એમના રોલને ન્યાય આપી શક્યા... સંગીત અને લાઈટ્સ એકંદર અનુકૂળ, સેટ્સ એમના અનુભવ પ્રમાણે ઓ.કે... નેપથ્ય હિમાની માંકડની દોડાદોડી સારી રહી...

ચંચી એટલે તર્જની માંકડ, માત્ર ૧૭ વર્ષની આ નાટકની મુખ્ય નાયિકા, જયારથી સ્ટેજ પર આવી ત્યારથી એની હાજરી સજ્જડ રહી. એનું પ્રથમ નાટક અને છતાંય જાનદાર અભિનય, આ અભિનેતાએ ગૂંગળાયેલો, ત્રસ્ત, પ્રશ્નોથી ઘેરાયેલા 'છોડોને અમૂક પ્રશ્નોના જવાબ ન હોય' સાથે સમાધાન કરતો, પ્રેમ અને પારિવારિક પ્રશ્નો વચ્ચે પિસાતા નાયકનો રોલ અદ્ભૂત કરી બતાવ્યો... અને યસ, એ આ નાટકનો લેખક અને દિગ્દર્શક એને એના માર્ક્સ અલગથી આપવા પડે... આ કલાકારનું ભવિષ્ય ખૂબ જ ઊજળું છું.

'પાગલ મારો સાંવરીયો' નાટકનો આ છઠ્ઠો પ્રયોગ હતો... ગાંધીનગરમાં આ નાટક કલ્ચરલ ફોરમના સૌજન્યથી આવ્યું... સંગીત નાટ્ય અકાદમી પ્રતિભા સ્કિમમાં ૩૬ દિગ્દર્શકો વચ્ચે પસંદ થયેલા પાંચ દિગ્દર્શકોનો એક એટલે ઝલક ચાવડા... માત્ર ૨૩ વર્ષની ઉંમર, બી.એસ.સી. મેથ્સ થયેલો અને નાટકનો લેખક, એની કલમને પણ વખાણવી રહી... 'શ્વાસ શોધી આપું છું', 'એનાઉન્સમેન્ટ' અને 'ધ ગેમ ચેન્જર' નામની એકાંકી લખેલી છે.. આ પ્રતમ જ નાટક જેનું સ્વતંત્ર પણે દિગ્દર્શન કરી એક નવી યુવા પ્રતિભાનો પરચો આપ્યો છે...



આ નાટ્યપ્રયોગનું દિપ પ્રાગટ્ય ડૉ. અનિલ ચૌહાણ, ડૉ. રાજેશ શાહ, હિરેન ભટ્ટ, હરેશ રાઠોડ અને મૌલિક ચૌહાણના હસ્તે થયું... 'નાટક માત્ર પૈસાથી નથી બનતા અને નાટક પૈસા વગર પણ નથી બનતા' જેવી વાત સ્ટેજ પર વહેતી થઈ... ડૉ. અનિલ ચૌહાણે આ ઉત્સાહથી ઊભરાતાં કલાકારોને એક સુંદર મોમેન્ટો આપી શુભેચ્છાઓ અર્પી...

આ નાટક 'પાગલ મારો સાંવરીયો'માં ટાઉનહૉલ સાઉન્ડ સિસ્ટમની મેહરબાનીથી કેટલાંય ડાયલોગ્સ સ્લિપ થઇ ગયાં... કુવામાંથી પાણી ખેંચવાનો સીન ચારેક વખત આવે છે, એમાં ઘડામાં પાણી રેડવાની ડાયરેકશન બદલે તો પાણી નાંખવાની વાત સંતાડી શકાય... કુવામાં નખાતો ઘડો જો ગોબાવાળો લીધો હોત અને દોરડું વપરાયેલું લીધું હોત તો વધુ મેળભર્યું લાગત.. વડની વડવાઈ સાથે ચળકતાં હિચકાની જગ્યાએ ફાટલું ગોદડું મુક્યું હોત અને ત્યાં માઈક રાખ્યું હોત તો સારું હતું... ઘરમાં જે નાનકડી કોરી માટલી મૂકી અની જગ્યાએ મોટો ઘડો સ્ટેન્ડ પર ગોઠવ્યો હોત તો વાસ્તવિક લાગત... સરપંચના ઘરની બહારની ઢોલીયો બીજા સીન વખતે ગાયબ હતો... શહેરના સીન વખતે પરદા પાછળના કુવાની લાઈટ અને ત્યાંથી ચહલપહલ ધ્યાનભંગ કરાવતી હતી... આવી નાની નાની ક્ષતિ ને માફ કરીએ તો નાટક જબરદસ્ત રહ્યું...

ગાંધીનગરના કલાકારોને બિરદાવવા હજારની કેપિસીટીવાળા ટાઉનહોલમાં દોઢ હજાર પ્રેક્ષકો છલકાય એ વિરલ ઘટના કહેવાય... યુવાનોથી તરબતર એવું 'પાગલ મારો સાંવરિયો' નાટક અને એનાં કલાકારો એટલે ગાંધીનગરની રંગભૂમિનો એક નવો અધ્યાય કહેવાય... અનેક શુભેચ્છાઓ...